ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0




"ઓ હો હો... બહુ દિવસે દેખાયા..! ક્યાં ખોવાઈ ગયા'તા ?!"

"ક્યાં ખોવાવાનું હોય સાહેબ..?! તમે 'તડને ફડ'માં પડ્યા'તા..! એટલે આપણે પછી ચર્ચા ચોરોમાં જોડાઈ ગયા..!!"

"હં...અ... ચર્ચા ચોરો હોય કે તડ ને ફડ હોય... પણ વાત તો ચૂંટણીની જ હતી ને..?!"

"હા... એ તો લગનના ઢોલ લગનમાં જ વાગે ને ?! પણ મજ્જા પડી ગઈ..!"

"શાની મજા પડી ગઈ તમને..?! ભાજપ જીત્યુ એની ? કે કોંગ્રેસ હાર્યું એની ?!"

"સાહેબ આમાં કોઈની જીત નથી, કોઈની હાર નથી, ગુજરાતની પ્રજાએ શાણપણથી પ્રતિભાવ આપ્યો છે. ભાજપને માપમાં લાવી દીધુ અને કોંગ્રેસને માપમાં રાખી દીધું."

"હા... એ તો હવે પોસ્ટમોર્ટમ કરો ને તમે ત્યારે ! પણ જીત એટલે જીત અને હાર એટલે હાર..! સતત છઠ્ઠીવાર ભાજપની જીત છે, એ તો સ્વીકારવું જ પડશે ને ?!"

"હા... ભાઈ...હા...કો'ને હવે મુખ્યમંત્રી કોને બનાવશો ?!"

"એ તો એકાદ દિવસમાં જ જાહેર થઈ જશે, પણ અત્યારે વજુભાઈ... સ્મૃતિબેન અને રૂપાણીના નામો જોરશોરથી ચાલે છે !"

"... તો રૂપાલાને માંડવીયાના નામો પણ છે ને કાંઈ..?!"

"જો ભાઈ... 'સાહેબ' બધા કોષ્ટક માંડશે... એમાં જેનાથી ફાયદો વધારે થતો હશે તેને બનાવાશે. એટલે ૨૦૧૯માં જે વધુ બેઠકો અપાવી શકશે તેને રાજતિલક કરાશે..!!"

"જો એમ જ હોય તો વજુભાઈ જ..!!"

"કેમ ?! એમની ઉંમર ના થઈ ગઈ..?!"

"અરે આમાં ફાયદાની વાત હોય એમાં ઉંમર-બુંમરની વાત ના ચાલે..!"

"પણ વજુભાઈથી એવો શું ફાયદો થાય..?!"

"જો સમજાવું..?! વજુભાઈ ૩ વર્ષ કર્ણાટકમાં રાજ્યપાલ રહ્યા... તેમના વહિવટીય અને રાજકીય સંપર્કોનો એપ્રિલમાં યોજાનાર કર્ણાટકની ચૂંટણીમાં ઉપયોગ કરવો હોય તો ગુજરાતના મુખ્યમંત્રી તરીકે પ્રચાર કરવા માટે ઉપયોગમાં લેવાય... આ કારણ નંબર એક..!!"

"ઓ હો... તો બીજુ..."

"ખુબ સીમ્પલ છે..! સૌરાષ્ટ્રની બગડેલી બાજી સુધારવાની આવડત વજુભાઈમાં છે અને એમાંય ગુજરાતના રાજકારણની અને ભાજપકારણની અતથી ઈતિ જાણે છે..!"

"અને હા ગૃહમાં કોંગ્રેસના આક્રમણને હળવાશથી ખાળવાની તાકાત વજુભાઈ જેટલી કોઈનામાં નથી..!! ખરૂ ને ?!"

"એટલે વજુભાઈ લગભગ ફાઈનલ લાગે છે..! પણ રાજકારણમાં કલાક પછીનું પણ નક્કી નથી હોતું... એ રામાયણકાળથી આપણે જોઈએ છીએ..!!"

"હં...અ...' ન જાણ્યુ જાનકી નાથે, સવારે શું થવાનું છે..?!"

- નિમિત્ત માત્ર

# શંભુજી ઠાકોરને ૪૯.૮૬ ટકા અને સી.જે. ચાવડાને ૪૯.૩૩ ટકા મતો મળ્યા

**મતદાનમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે ૧.૦૭ ટકાનું જ અંતર : સૌથી મોટી સરસાઈ દહેગામમાં તો ઓછી સરસાઈ માણસામાં મળી : ૨ ટકા મતદારોએ નોટાનો વિકલ્પ સ્વીકાર્યો : ૩.૩૧ ટકા મત અન્યોને મળ્યા**

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લામાં વિધાનસભાની પાંચ બેઠકોના પરિણામ જાહેર થઈ ગયા બાદ જાહેર થયેલ સત્તાવાર આંકડાઓ પ્રમાણે ભાજપે કોંગ્રેસ કરતાં વધુ મત મેળવ્યા હોવા છતાં બેઠકો માત્ર બે જ મળી છે.

જિલ્લામાં થયેલ કુલ મતદાનના ૪૭.૮૮ ટકા મત ભાજપને મળ્યા છે. અર્થાત ૪,૦૭,૬૫૬ વોટ મળ્યા છે જ્યારે કોંગ્રેસને ૪૬.૮૧ ટકા મત મળ્યા છે અને મતના આંકડામાં જોઈએ તો કોંગ્રેસને ૩,૯૮,૫૨૧ મત મળ્યા છે.

પરિણામોના વિશ્લેસકો પાસેથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ભાજપને જિલ્લામાં રાજ્યને મળેલ મત કરતાં અહિ ટકાવારી પણ ઓછી મળી છે તેમજ સીટો પણ ઓછી મળી છે. તો કોંગ્રેસને અહિ રાજ્યની સરેરાશ કરતાં મત ટકાવારીમાં અને બેઠકો જળવાઈ રહેવા પામી છે.

જિલ્લામાં દહેગામ અને કલોલ એ બે બેઠકો જ એવી છે જ્યાં વિજેતા ઉમેદવારને થયેલ મતદાનના ૫૦ ટકા કરતાં વધુ મત મળ્યા છે. દહેગામ બેઠક પર ભાજપના બલરાજસિંહ ચૌહાણને ૫૦.૮૮ ટકા મત મળ્યા છે. જ્યારે કલોલની બેઠક પર જિતેલા બળદેવજીને ૫૦.૩૩ ટકા મળ્યા છે. બન્ને રાશિ વૃષભ છે જે યોગાનુ યોગ છે.

શંભુજી ઠાકોરને થયેલ મતદાનના ૪૯.૮૬ ટકા, ગાંધીનગર (ઉ) બેઠક પર વિજેતા બનેલા ડૉ. સી.જે. ચાવડાને ૪૯.૩૩ ટકા અને માણસા બેઠક પર વિજેતા બનેલ સુરેશ પટેલને થયેલ મતદાનના ૪૮ ટકા મત મળ્યા છે.

જિલ્લામાં ભાજપ અને કોંગ્રેસને મળેલા મતો વચ્ચે ૧.૦૭ ટકાનો તફાવત જ રહેવા પામ્યો છે. જો કે આની જિલ્લાના રાજકારણ પર આગામી દિવસોમાં કોઈ અસર જોવા મળશે નહિ તેમ રાજકીય વર્તુળો જણાવી રહ્યા છે.

જિલ્લામાં ૩૮ ઉમેદવારોએ તેમની ડિપોઝીટ ગુમાવી છે. જેમાં બે મહિલા ઉમેદવારનો સમાવેશ થાય છે. એક મહિલા ઉમેદવાર દહેગામની બેઠક પરના કામિનીબા રાઠોડની ડિપોઝીટ બચી છે.

દહેગામની બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર તરીકે ચૂંટણી લડતાં કામિનીબા રાઠોડને માન્ય મતોના ૪૩.૪૫ ટકા જ મત મળ્યા છે. જે જિલ્લાની પાંચેય બેઠકોમાં પરાજિત ઉમેદવારોને મળેલ માન્ય મતોની ટકાવારીમાં સૌથી ઓછા છે.

● અનુસંધાન પાન-૫ પર

# વિધાનસભાનું વિસર્જન, ૨૫મીએ નવી સરકારની શપથવિધિ થશે

ગાંધીનગર, તા ૨૦

ગુજરાતની ૧૩મી વિધાનસભાનું રાજ્યપાલ ઓ.પી.કોહલીએ વિસર્જન કર્યું છે અને કેરટેકર ગવર્મેન્ટ તરીકે મુખ્યમંત્રી વિજય રૂપાણીને ચાલુ રાખ્યા છે. જો કે રૂપાણીની કેબિનેટ રાજીનામું આપશે અને નવી સરકારની શપથવિધિ સંભવત ૨૫મી ડિસેમ્બરે કરવામાં આવશે.



વિધાનસભાની ચૂંટણીના પરિણામો પછી વિધાનસભાનું વિસર્જન કરી દેવામાં આવ્યું છે તેથી હાલની કેબિનેટનું અસ્તિત્વ પૂર્ણ થયું છે. રાજ્યપાલે નોટીફિકેશન બહાર પાડીને વિધાનસભાને ભંગ કરી દીધી છે. હવે નવા મંત્રીમંડળની શપથવિધિ સાથે ૧૪મી વિધાનસભાનું ગઠન કરવામાં આવશે.

મુખ્યમંત્રીની શપથવિધિ ૨૫મી ડિસેમ્બર ને અટલ બિહારી વાજપેયીના જન્મદિને થશે. દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓ આ શપથવિધિ સમારોહમાં ઉપસ્થિત રહેશે. શપથવિધિ સમારોહ અમદાવાદના સરદાર પટેલ સ્ટેડીયમ કે ગાંધીનગરના મહાત્મા મંદિરમાં થાય તેવી શક્યતા છે. રાજ્યનું સામાન્ય વહીવટ વિભાગ તેનું આયોજન કરે છે.

મુખ્યમંત્રી એકલા શપથ લેશે કે તેમની સાથે મંત્રીમંડળના સભ્યો હશે તે પાર્ટીની બેઠક પછી નિશ્ચિત થશે. હાલ તો કાર્યકારી મુખ્યમંત્રી તરીકે વિજય રૂપાણી ચાલુ રહેશે. પાર્ટીની બેઠકમાં જે નવું નામ આવે તે સભ્ય મુખ્યમંત્રી બનશે. નવા મુખ્યમંત્રી માટે જે નામો ચાલતા હતા તેમાં કેન્દ્રીય કાપડ મંત્રી સ્મૃતિ ઈરાનીનું નામ પણ હતું પરંતુ સ્મૃતિએ ખુલાસો કરતાં કહ્યું છે કે મારૂં નામ કેવળ અફવા છે.

સચિવાલયના સૂત્રોએ કહ્યું હતું કે ભાજપનું હાઈકમાન્ડ હાલની સ્થિતિ બદલવા માગતું નથી. મુખ્યમંત્રી તરીકે વિજય રૂપાણી અને ડેપ્યુટી ચીફ મિનિસ્ટર તરીકે નિતીન પટેલને ચાલુ રાખી શકે છે.

# વિધાનસભાના સ્પીકર તરીકે નિમા આચાર્ય અથવા ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા નિશ્ચિત

**હાલના સ્પીકર રમણલાલ વોરા હારી જતાં ભાજપ આ બે પૈકી એક નામ પસંદ કરી શકે છે**

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ પદ માટે ભાજપ કોને પસંદ કરે છે તે ટુંક સમયમાં નિશ્ચિત થઈ જશે. હાલ તો ભાજપ કાર્યકારી સ્પીકરપદ કોઈ સભ્યને આપીને તમામ ધારાસભ્યોને શપથ લેવડાવશે. આ કાર્યવાહી બાદ સ્પીકરની વરણી થઈ શકે છે.

ગુજરાત વિધાનસભાના સ્પીકર તરીકે નિયુક્ત થયેલી રમણ વોરા દસાડામાંથી ચૂંટણી હારી ગયા છે. તેમની મૂળ બેઠક ઈડર હતી પરંતુ પાર્ટીએ તેમની બેઠક બદલતાં તેમના માટે મુશ્કેલી સર્જાઈ હતી. હવે રમણ વોરાએ તેમની પરંપરાગત બેઠક ખોઈ નાંખી છે.

ભાજપને નવા સ્પીકરની વરણી કરવાની થાય છે ત્યારે સૌથી પહેલુ નામ ભૂતપૂર્વ મહેસૂલ અને શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાનું આવે છે. તેઓ સિનિયર મોસ્ટ છે. પાર્ટી જો તેમને નવી કેબિનેટમાં સમાવે નહીં તો તેઓ સ્પીકર તરીકે નિશ્ચિત માનવામાં આવે છે.

આ ઉપરાંત પાર્ટી કચ્છના ચૂંટાયેલા ઉમેદવાર નિમા આચાર્યને સ્પીકર બનાવી એવુ સાબિત કરવાનો પ્રયાસ કરે તેમ છે કે ભાજપે મહિલા સ્પીકરની વરણી કરી છે. નિમા આચાર્ય આમ પણ સ્પીકર પદ માટેના પેનલ સભ્ય છે. વિધાનસભામાં જ્યારે સ્પીકરની ગેરહાજરી હોય ત્યારે નિમા આચાર્ય કાર્યકારી સ્પીકરનો રોલ અદા કરતા હોય છે. આ પેનલમાં જૂનાગઢના મહેન્દ્ર મશરૂ પણ હતા પરંતુ તેઓ ચૂંટણી હારી ગયા છે તેથી પાર્ટી નિમા આચાર્યને સ્પીકર બનાવી શકે છે.

# હવામાનમાં સતત બદલાવને પગલે રવિ સીઝનનું વાવેતર ઘટવાની સંભાવનાઓ

**સવા, ડુંગળીનું વાવેતર પ્રોયોગિક ધોરણે ખેડૂતોએ કર્યું છે : ઘઉંનું વાવેતર ઘટ્યું : બટાટાની ખેતી ૫૫૦૦ હેક્ટરમાં**

ગાંધીનગર, તા. ૨૦

જિલ્લામાં આ વખતે રવિ સીઝનના વાવેતર વિસ્તારમાં ગત વર્ષની તુલનામાં ૧૦ હજાર હેક્ટર જેટલો ઘટાડો થવાની સંભાવના રહેલી છે. આમ તો રવિસીઝનની વાવણી માટેનો સમય સંપન્ન થઈ ગયો છે પણ ઠંડી પાછળથી શરૂ થતાં હજુ એકાદ સપ્તાહ વાવેતર ચાલશે તેમ મનાઈ રહ્યું છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લામાં સતત હવામાનમાં થઈ રહેલા બદલાવને પગલે ખેડૂતો ચિંતાતુર બન્યા છે અને વાવણી કાર્યમાં તેમનો ઉત્સાહ ઘટવા લાગ્યો છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં ૫૨,૧૮૮ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયુ છે. ગત વર્ષે ૭૦ હજાર હેક્ટર સુધી આ વાવેતર પહોંચ્યુ હતુ પરંતુ આ વખતે લેટ સિઝન અને હવામાનમાં સતત બદલાવને કારણે ખેડૂતો વાવણીનું જોખમ બહુ લેવાના મૂડમાં જણાતા નથી.

જિલ્લામાં પરંપરાગત રીતે ઘઉંની ખેતીમાં પણ આ ઘટાડો જોવા મળી રહ્યો છે. જિલ્લામાં પાંચેક હજાર હેક્ટરમાં ઘઉંનું વાવેતર ઘટશે તેવા અંદાજો છે. જો કે આ વખતે ચણાનું વાવેતર જિલ્લામાં સારૂ એવુ થયુ છે જ્યારે વરિયાળીનું વાવેતર સરેરાશ જળવાઈ રહેવા પામ્યું છે.

દર વર્ષની જેમ આ વર્ષે પણ બટાટાની ખેતી વિક્રમજનક રહી છે. જિલ્લામાં ૫૫૬૭ હેક્ટર વિસ્તારમાં

● અનુસંધાન પાન-૫ પર

# અમદાવાદ રીવરફ્રન્ટ ખાતે ૩૦મીથી ફ્લાવર શોનું આયોજન

**ફ્લાવર શો ૧૧ દિવસ સુધી ચાલશે : ગત વર્ષમાં ૨૦ લાખ લોકોએ ફ્લાવર શો નિહાળ્યો હતો આ વર્ષે હેરીટેજ થીમ ઉપર આધારીત ફ્લાવર શો યોજાશે**



અમદાવાદ, તા.૨૦

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ૩૦ ડિસેમ્બરથી ૯ જાન્યુઆરી એમ કુલ મળીને ૧૧ દિવસ સુધી સાબરમતી રિવરફ્રન્ટના ઈવેન્ટ ગાર્ડન અને ફ્લાવરપાર્કમાં ફ્લાવર શોનું આયોજન કરવામા આવ્યુ છે.

આ અંગે મળતી માહિતી અનુસાર,અમદાવાદ શહેરને આ વર્ષે જુન મહિનામા યુનેસ્કો દ્વારા હેરીટેજ સીટીનો વૈશ્વિક દરજ્જો આપવામા આવ્યા બાદ સૌ પ્રથમ વખત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા હેરીટેજનો ટેગ મળ્યા બાદ ફ્લાવર શો આયોજિત કરવામાં આવી રહ્યો છે.આ વર્ષે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આયોજિત ફ્લાવર શો હેરીટેજના થીમ ઉપર આધારીત રહેશે.

# સે-૨૩ થી ૨૭માં ગટર લાઈન અપગ્રેડ કરવા માટે ૧ કરોડ ખર્ચાશે

**જુના સેકટરોમાં ગટરો ઉભરાવાની ફરિયાદોને ડામવા માટે ટુંકમાં કામ હાથ ધરાશે**

ગાંધીનગર તા ૨૦

શહેરમાં ગટરો ઉભરાવાની સમસ્યાનો અંત આવ્યો નથી. સેકટરોમાં ગટર લાઈન વસતી મુજબ અપગ્રેડ કરવાની અનિવાર્યતા વર્તાઈ રહી છે. જો કે તંત્ર દ્વારા તબક્કાવાર ગટરલાઈનને અપગ્રેડ કરવાનુ કામ હાથ ધરવામાં આવી રહયુ છે સે-૨૩ થી ૨૭ માં ગટર લાઈનને અપગ્રેડ કરવા માટે અંદાજ તૈયાર કરી દેવાયો છે. આગામી મહીનામાં ટેન્ડર પ્રકીયા હાથ ધરી કામ શરૂ કરી દેવાશે. જેના અંતે સેકટરોમાં ગટરો ઉભરાવાની સમસ્યાઓનો અંત આવશે.

શહેરમાં દાયકાઓ જુની ગટર લાઈનના લીધે રોજબરોજ નતનવી સમસ્યાઓ સર્જાય છે. સેકટરોમાં છાશવારે ગટર લાઈન ઉભરાતા સ્થાનિકો માટે મોટો શિરદર્દ ઉભો થાય છે. ગત વરસાદી દિવસોમાં પણ સેકટરોમાં મોટાભાગની ગટર લાઈનના મેઈન હોલમાં ગાબડુ સર્જાતા તંત્રની ટીમ કામે લાગી હતી. સેકટરોમાં ગટર લાઈન ઉભરાવાની સમસ્યા તંત્ર માટે ચેલેન્જરૂપ બનતી જાય છે. ગટર લાઈનની સફાઈ માટે તંત્ર પાસે પુરતો મેન પાવર અને મશીનરી પણ નથી આવા સંજોગોમાં આમ નાગરિકોની ફરિયાદો નિવારવાનુ કામ વધુ મુશ્કેલ બન્યુ છે. ત્યારે માર્ગ મકાન વિભાગ દ્વારા શહેરના સેકટરોમાં તબક્કાવાર ગટર લાઈનને અપગ્રેડ કરવાની કામગીરી હાથ ધરી છે. અગાઉ પણ નવા સેકટરોમાં વધારાની લાઈન નાંખી ગટર લાઈનને અપગ્રેડ કરવામાં આવી હતી. જયારે જુના સેકટરોમાં સે-૨૩ થી ૨૭ માં પણ ગટરો ઉભરાવાની સમસ્યા દિનપ્રતિદિન વધી છે. આવા સંજોગોમાં તંત્ર દ્વારા આ ફરિયાદોને ડામવા માટે આ વિસ્તારમાં ગટર લાઈનને અપગ્રેડ કરવા માટે આયોજન કરી દેવાયુ છે. સુત્રોના જણાંવ્યા મુજબ સે-૨૩,૨૪,૨૫,૨૬ અને સે-૨૭ માં ગટર લાઈનને અપગ્રેડ કરવા માટે તંત્ર દ્વારા અંદાજ તૈયાર કરી દેવાયો છે. આ કામગીરી પાછળ રૂ ૧ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. આગામી દિવસોમાં ટેન્ડર પ્રકીયા હાથ ધરી કામ શરૂ કરી દેવાશે. ગટર લાઈન અપગ્રેડ કરવાનુ કામ આખરી થયા બાદ જુના સેકટરોમાં ગટરો ઉભરાવાની ફરિયાદો નિવારી શકાશે.

# સે-૨૭ પાસે સ્ટોર્મ વોટર લાઈન ઉભરાતા વોક-વેની આસપાસ કાદવ કીચ્ચડ




ગાંધીનગર તા ૨૦

ગાંધીનગરમાં ગટરો ઉભરાવાની ફરિયાદોથી રહીશો તોબા પોકારી ગયા છે. શહેરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોના આંતરિક વિસ્તારમાં પાણી તેમજ ગટર લાઈનમાં લીકેજીસ થતુ હોવાની અનેકવાર ફરિયાદો ઉઠવા પામે છે. દાયકાઓ જુની ગટર અને પાણીની લાઈન બદલવાની અનિવાર્યતા ઉભી થઈ છે. શહેરમાં શેહરના ખ-૭ થી આદિવાડા માર્ગ પર સે-૨૭ પાસે સ્ટોર્મ વોટર લાઈનમાં લીકેજીસ થતા પાણી નુ ખાબોચિયુ ભરાયુ હતુ. આ લીકેજીસને દુર કરવા માટે પ્રબળ માંગ ઉઠવા પામી છે.

ગાંધીનગરને સ્માર્ટ સિટી બનાવાની સોહામણી વાતો વચ્ચે નગરમાં માળખાગત સુવિધાઓનુ હજુ ઠેકાણુ પડયુ નથી.

● અનુસંધાન પાન-૫ પર

**પાંચમી પુણ્યતિથિએ ભાવભીની સ્મરણાંજલિ**



**સ્વ. નગીનભાઈ કાંતિલાલ શ્રીમાળી**

તા. ૨૧/૧૨/૨૦૧૨, ગામ : શીલજ

તમે હતા તો અમને હૂંફ હતી,
તમારી હયાતી અમારું આત્મબળ હતું,
તમારા કાર્યો અમારી પ્રેરણા હતી.
વ્હેતા ઝરણમાંથી આચમાન ભરી અમે ઉત્કર્ષના માર્ગે આગળ વધી આપના ગુણોને અનુસરવા કટિબદ્ધ થઈએ,
એ જ અમારી પુષ્પાંજલિ, ભાવાંજલિ, શ્રદ્ધાંજલિ...

લી.

જીતેન્દ્ર કાંતિલાલ શ્રીમાળી    કાંતિલાલ બાબુભાઈ શ્રીમાળી

સમગ્ર બાબુભાઈ શ્રીમાળી પરિવાર, સેક્ટર-૭

# જિલ્લામાં આજથી શાળા-આરોગ્ય ચકાસણી અભિયાન આરંભાશે

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લામાં આજથી શાળા આરોગ્ય ચકાસણી ઝુંબેશનો પ્રારંભ થશે. આ વર્ષે ૩,૧૧,૮૪૩ બાળકોના આરોગ્યની ચકાસણી આરોગ્ય અને શિક્ષણ વિભાગની બનેલી ૨૦૪ ટીમો દ્વારા હાથ ધરવામાં આવશે.

ગત વર્ષની તુલનામાં આ વર્ષે ૨ હજાર બાળકોની સંખ્યામાં વધારો થયો છે. જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા આ અંગેનું આયોજન આખરી કરી દેવામાં આવ્યું છે. આ વખતે શાળા આરોગ્ય ચકાસણી દરમ્યાન શિક્ષકે બાળકમાં દરરોજ નિરિક્ષણ કરેલ બાબતોનું એક વિગતવાર ફોર્મ પણ ભરવાનું રહેશે.

જિલ્લા આરોગ્ય તંત્રના સૂત્રોના જણાવ્યા પ્રમાણે આરોગ્ય સપ્તાહની દરેક ગામમાં ઉજવણી કરાશે. જેમાં વાલી મિટીંગ, શાળા મિટીંગ, આરોગ્ય વિષયક કાળજી માટેનું જાગૃતિ અભિયાન જેવા વિવિધ કાર્યક્રમો યોજવામાં આવશે.

જિલ્લામાં ગત વર્ષે હૃદયની બિમારીથી પિડાતા ૧૧૭ બાળકો શોધવામાં આવ્યા હતા. કીડનીની બિમારીથી પિડાતા ૨૭ બાળકો શોધવામાં આવ્યા હતા જયારે કેન્સરથી પિડાતા ૪ બાળકો શોધવામાં આવ્યા હતા અને તેમને સંદર્ભ સેવા પુરી પાડવામાં આવી હતી. જિલ્લામાં થેલેસીમીયાથી પિડાતા ૪ બાળકો મળી આવ્યા હતા. જિલ્લામાં ૩૧૧૩ બાળકોને દષ્ટિની ખામીવાળા મળી આવ્યા હતા જે પૈકી ૧૩૬૭ બાળકોને ચશ્મા આપવામાં આવ્યા હતા. સૌથી વધુ દષ્ટિની ખામી ધરાવતા બાળકો માણસા તાલુકામાંથી મળી આવ્યા હતા. જે સંખ્યા ૬૮૫ જેટલી છે.

આ ચકાસણી દરમ્યાન જિલ્લામાં ૬૪૫ બાળકો જે શાળાએ જતા નથી તેમને પણ આવરી લેવામાં આવશે. જિલ્લામાં ૮૪૨૩૭ બાળકો જે આંગણવાડીના છે તેમજ ૧,૭૨,૮૫૧ બાળકો ૭૮૩ પ્રાથમિક શાળાના બાળકો, ૫૧,૬૩૩ જિલ્લાની ૨૩૧ હાઈસ્કૂલના બાળકોને પણ આવરી લેવામાં આવશે.

જિલ્લામાં આર.બી.એસ.કે.ની ટીમ ઉપરાંત તબીબી અધિકારીઓની ટીમ પણ ચકાસણી કરશે.

જિલ્લાતંત્રએ શિક્ષકો અને આરોગ્યની ટીમોને આ અંગે ખાસ તાલિમ પણ આપી દીધી છે. જિલ્લામાં ૪૫ દિવસ સુધી આ ઝુંબેશ ચાલશે અર્થાત ૨૪ ફેબ્રુઆરી સુધી જિલ્લામાં આ કામગીરી સંપન્ન કરાશે. આ માટે સિવિલ હોસ્પિટલમાં પણ તજજ્ઞોની ટીમ તૈયાર કરી દેવામાં આવી છે.

બાળકને જે હેલ્થ પત્રક આપવા માટે તૈયાર કરવામાં આવ્યુ છે તેમાં શિક્ષક, આશા કાર્યકર અને તપાસ કરનાર તબીબી અધિકારીઓએ વિગતો ભરવાની રહેશે. આ હેલ્થ પત્રકના આગળના ભાગે વિદ્યાર્થીનું નામ, તેનો આઈકાર્ડ નંબર, જ.ર.નં. તેમજ કુટુંબનો હેલ્થ નંબર પણ અલગથી લખવાનો રહેશે. જિલ્લામાં દરેક કુટુંબના આરોગ્ય વિભાગે પણ સર્વે કરી આ નંબરો આપ્યા છે જે ઉલ્લેખનીય છે.

# સે-૨૪ પોસ્ટ કચેરીમાં સર્વર ડાઉન કામગીરી ઠપ્પ અરજદારો ધક્કે ચઢયા

ગાંધીનગર, તા ૨૦

સે-૨૪ પોસ્ટ કચેરીમાં છેલ્લા ચાર દિવસથી અરજદારોએ ધક્કે ચઢવાનો વારો આવ્યો છે. સર્વર ડાઉન હોવાના લીધે અરજદારોના કામ અધુરા રહે છે. પોસ્ટ કચેરીમાં કામકાજ અર્થે આવતા સિનિયર સિટીઝન્સ તેમજ મહીલાઓએ પણ હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. નગરની પોસ્ટ કચેરીઓમાં સર્વર ડાઉન રહેવાની સાથે પેન્શનરોએ કતારમાં ઉભા રહી ધક્કે ચઢવુ પડે છે આમ છતા સમસ્યાનુ ઝડપી નિવારણ આવતુ નથી.

શહેરની પોસ્ટ કચેરીમાં સામાન્ય રીતે મહીનાની શરૂઆતમાં વિશેષ ભીડ જોવા મળતી હોય છે. પરંતુ ટેકનોલોજીના યુગમાં પણ પાસ્ટ કચેરીના વહીવટમાં હજુ ઝડપ આવી ન હોવાનો રોષ પ્રબળ બની રહયો છે. અવાર નવાર થતી ડાક અદાલતમાં પણ નગરના પ્રબુધ્ધ નાગરિકો દ્વારા અનેકવાર આમ નાગરિકોના પ્રશ્નોને ધ્યાને લઈ રજુઆત કરવામાં આવે છે. પરંતુ સેકટરોની પોસ્ટ કચેરીમાં અનેકવાર નાની મોટી ફરિયાદોને અનુલક્ષી અરજદારોએ હાલાકી વેઠવાનો વારો આવે છે. નગરની સે-૬ સ્થિત પોસ્ટ કચેરીમાં પણ આવી જ સ્થિતિ સર્જાતી હોવાની ફરિયાદો પણ અનેકવાર ઉઠવા પામી છે. હાલ શહેરમાં સે-૨૪ પોસ્ટ કચેરીમાં રોકાણકારો માસિક અને દૈનિક બચત યોજના તેમજ સ્ટેમ્પ સહીતની કામગીરીને અનુલક્ષી અરજદારોએ હાલાકી વેઠવી પડે છે. છેલ્લા ચાર દિવસથી સે-૨૪ પોસ્ટ કચેરીમાં સર્વર ડાઉન રહેતુ હોવાની ફરિયાદો કકળાટનુ કારણ બની છે. આવા સંજોગોમાં અરજદારો પણ કંટાળી ગયા છે .ત્વરિત સમસ્યાનુ નિરાકરણ આવે તેવી માંગ ઉઠવા પામી છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com